ગુજરાતનો મહાસંગ્રામ 2012



નિષ્પક્ષ ભાવે ચૂંટણી પણ થવા દેવા માંગતા નથી

ભાજપ-મોદીના પરાજયના ડરથી હવાતિયા : કેશુભાઈ

પરાજયના સ્પષ્ટ એંધાણ મળી જતા બીજા પક્ષોની લીટી ભૂંસવાની નિમ્ન સ્તરની હરકતો કરવામાં આવી રહી છે

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે આજે આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રી મોદી અને ભાજપ સરકારને પરાજયના એંધાણ મળી ચૂક્યા છે. રાષ્ટ્રીય નેતાઓની સભામાં પાંખી હાજરી સૂચક છે. માટે હવે પોતાના બળે કોઇ સંજોગોમાં ચૂંટણી જીતી શકે તેમ નથી. તેથી બીજા પક્ષોની લીટી ભૂંસવાની નિમ્ન સ્તરની હરકતો પર ઉતરી આવ્યા છે. ગુજરાત પરિવર્તન પાર્ટીને 'બેટ'નું સિમ્બોલ મળ્યું છે. અને યુવાનોમાં આકર્ષણ ઉભું થયું છે. તે વધશે એ ડરથી ભાજપના નેતાઓની ઊંઘ હરામ થઇ ગઇ છે. તેથી સત્તાનો ડર દેખાડી, સરકારનો દુરપયોગ કરી તેઓ રીટર્નીંગ ઓફીસર સહીત નીચેના અધિકારીઓ પર યેનકેન પ્રકારે દબાણ કરી રહ્યા છે.

ભાજપના નેતાઓની હલકી માનસિકતાને પ્રજા ઓળખી લે. ગુજરાત સરકાર એમ માને છે કે સરકારી કર્મચારીઓ તેમના તાબામાં છે. પરંતુ આચારસંહિતા અમલમાં આવ્યા બાદ લોક પ્રતિનિધિત્વ ધારા મુજબ તમામ સરકારી કર્મચારીઓ હવે ચૂંટણીપંચના કર્મચારીઓ છે. તેમના પર દબાણ કરવું એટલે ચૂંટણી પંચ અને ભારતના બંધારણ પર હુમલો કરવા બરાબર છે. જ્યાં સુધી ટેકનીકાલીટીઝનો સવાલ છે તો ગુજરાત પરિવર્તન પાર્ટીએ ચૂંટણીપંચના ધારાધોરણો અને કાયદાનું અક્ષરસઃ પાલન કર્યું છે. અમારે જે ફોર્મ-દસ્તાવેજો ચૂંટણીપંચમાં જમા કરાવવાના હતા તે કરાવ્યા જ છે. ભાજપ હવે સીધા રસ્તે ચૂંટણી જીતે તેમ નથી એટલે આવા ધમપછાડા કરી રહ્યો છે. અને ખોટી અફવાઓ ફેલાવી રહ્યા છે. શરૂઆતમાં તેઓ પ્રચાર કરતા હતા કે આટલા ઓછા દિવસમાં પાર્ટીનું રજીસ્ટ્રેશન થવાનું જ નથી. રજીસ્ટ્રેશન થયું તો હવે સિમ્બોલ નહિ મળે એવી અફવા ફેલાવી સિમ્બોલ મળ્યું તો જીપીપીને પૂરતા ઉમેદવારો મળશે નહીં. ધરખમ જીતના ઉમેદવારો મેદાનમાં આવ્યા ત્યારે ઉમેદવારી પત્રો રદ થશે એવી ફેલાવેલી અફવાઓમાં નિષ્ફળતા મળ્યા બાદ હવે સિમ્બોલ અંગે ખોટેખોટા વાંધાઓ અડચણો ઉભી કરી રહ્યા છે.

ટીકીટોની ખેંચતાણ થતાં કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક મુલત્વી : આજે ફરી બેઠક મળશે

પ્રદેશ નેતાઓના દિલ્હીમાં ધામા : કોંગ્રેસ ૩૦મીએ યાદી જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૭

કોંગ્રેસમાં બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ટીકીટ ફાળવણીને લઈને ખેંચતાણ થતાં કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક મુલતવી રાખવી પડી છે હવે આવતીકાલે ફરી બેઠક મળશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કા માટે કોંગ્રેસે ૮૭ બેઠકોના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતાં જ ઠેર ઠેરથી કાર્યકરો અને આગેવાનોમાંથી વિરોધ ઉભો થવા પામ્યો હતો. અને પક્ષમાંથી નારાજ આગેવાનોએ રાજીનામા આપી દીધા હતા.

બીજા તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર છે. જે આડે હવે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે. ત્યારે કોંગ્રેસમાં ૯૫ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગીને લઈને ખેંચતાણ શરૂ થવા પામી છે.

દિલ્હી ખાતે આજે કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. જેમાં ૯૫ બેઠકો માટેના ઉમેદવારોની આખરી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જો કે કેટલીક બેઠકો માટે ઉમેદવારોને ટીકીટ ફાળવવાના મામલે પ્રદેશના નેતાઓ વચ્ચે ભારે ખેંચતાણ શરૂ થતાં આખરે કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક આજે મુલ્તવી રાખવાની ફરજ પડી હતી.

કોંગ્રેસે ચૂંટણી સમિતિની બેઠક હવે આવતીકાલે ફરી દિલ્હીમાં મળશે. આવતીકાલે સાંજ સુધીમાં મોટાભાગની બેઠકો પર સર્વસંમતિ સાધીને ઉમેદવારોની આખરી પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. જો કે આ વખતે બળવાખોરીને નાથવા માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની યાદી અગાઉથી જાહેર કરવામાં આવનાર નથી પરંતુ ઉમેદવારોને ટેલીફોન દ્વારા જાણ કરીને પ્રથમ મેન્ડેટ આપી દેવામાં આવશે અને ૩૦મીના રોજ પક્ષ દ્વારા ૯૫ ઉમેદવારોની યાદી વિધિવત રીતે જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૯૫ બેઠકો માટેના ઉમેદવારોના નામો જાહેર થયા બાદ પક્ષમાં મોટાપાયા પર બળવો થવાની ભીતીને ધ્યાને રાખીને પક્ષ દ્વારા આ વખતે યાદી વહેલી જાહેર નહી કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસમાં કમઠાણ

● ગાંધીનગર દક્ષિણ બેઠક પર આયાતી ઉમેદવાર સામે વિરોધ

ગાંધીનગર દક્ષિણ બેઠક પર પ્રદેશ કોંગ્રેસના આગેવાન નરહરી અમીનનું નામ ચર્ચાઈ રહ્યું છે. જેને લઈને આ મત વિસ્તારના ઠાકોર સમાજના વિરોધ ઉઠવા પામ્યો છે. આજે ઠાકોર સમાજના આગેવાનો ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય પર દોડી ગયા હતા અને જિલ્લા આગેવાનો સમક્ષ આયાતી ઉમેદવાર નહી મુકવા અને ઠાકોર સમાજને આ બેઠક ફાળવવાની માંગણી કરી હતી.

● જૂનાગઢ બેઠક પરથી કોંગ્રેસના બળવાખોર ગીરીશ કોટેચાએ ફોર્મ પાછું ખેચ્યું

જૂનાગઢ બેઠક પરથી ટીકીટ ન મળતા ગીરીશ કોટેચાએ પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે બળવો કરીને અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ ઉપરાંત તમના સમર્થનમાં કોંગ્રેસમાંથી ૨૪ કોર્પોરેટરોએ પણ રાજીનામા આપી દીધા હતા. પરંતુ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અશોક તનવર જુનાગઢ દોડી આવીને મધ્યસ્થી બની ગીરીશ કોટેચાને સમજાવીને મામલો થાળે પાડતા ગીરીશ કોટેચાએ પોતાનું અપક્ષ ઉમેદવારી પાછી ખેંચી હતી. તેમજ ૨૪ કોર્પોરેટરોએ પણ રાજીનામા પાછા ખેંચી લીધા હતા.

● કોંગ્રેસના ધારાસભ્ય લાલસિંહ વડોદીયા ભાજપમાં જોડાયા

કોંગ્રેસે ઉમરેઠની બેઠક એન.સી.પી.ને ફાળવી દેતા નારાજ ધારાસભ્ય લાલસિંહ વડોદિયાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં જોડાઈ ગયા છે.

ચુંટણીના પ્રચારનો કાર્યક્રમ જોરશોરથી ચાલી રહ્યો છે. દિગ્ગજ પાર્ટીઓના સંભવિત ઉમેદવારો અવનવા માર્ગો અખત્યાર કરી મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગાંધીનગર દક્ષિણ બેઠકના ઉમેદવારો હજુ તો જાહેર થયા નથી પરંતુ અહીં રાજકીય ગતિવિધિઓ ચોકકસ વધી ગઈ છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના કારણે ત્રિપાંખિયો જંગ રસપ્રદ બનશે. ચિલોડા બસ સ્ટેન્ડ નજીક વિવિધ પાર્ટીઓ દ્વારા લગાવાયેલા બેનર આકર્ષણરૂપ બની રહ્યા છે. સૌથી વધુ અવરજવર છે તેવા આ વિસ્તારમાં લગાવાયેલા બેનરો અને હોર્ડીંગ્સ જોવા મુસાફરો પણ ઘડી બે ઘડી રોકાઈ જાય છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ઊંઝા વિધાનસભા બેઠક પર રાજકીય પક્ષોના ઉમેદવારોની પસંદગી અંગે મતદારોમાં ઉત્સુકતા

ઊંઝા, તા. ૨૭

૨૧ ઊંઝા વિધાનસભાની બેઠક પર ચુંટણી લડવા માટે ભાજપ, કોંગ્રેસ, ગુજરાત પરિવર્તન પાર્ટીની ટીકીટ મેળવવા માટે કેટલાક ઉમેદવારોએ દાવેદારી કરી છે. આ સાથે કેટલાક ઉમેદવારો અપક્ષ તરીકે ચૂંટણી લડવા થનગની રહ્યા છે.

બીજા તબક્કાની ચૂંટણી માટે જાહેરનામું બહાર પડી ગયેલ છે અને ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરુ થઈ ગઈ છે ત્યારે હવે ફોર્મ ભરવાની અંતિમ તારીખને આડે બે દિવસ બાકી હોઈ રાજકીય પક્ષોના ઉમેદવારોની યાદી જાહેર થવાની તૈયારીમાં છે. જેને લઈ રાજકીય પક્ષોની ટીકીટ મેળવવા એડી ચોટીનું જોર લગાવનાર ઉમેદવારો સહિત મતદારોમાં ભારે ઉત્સુકતા જાગી છે.

ઊંઝા બેઠક પર ભાજપની ટિકિટ મેળવવા માટે લગભગ એક ડઝન જેટલા ઉમેદવારોએ બાયોડેટા મોકલીને ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરી છે તો કોંગ્રેસમાંથી એક મહિલા ઉમેદવાર સહિત ચારથી પાંચ જેટલા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. આ ઉપરાંત ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી પણ કોઈ ઉમેદવાર ચૂંટણી લડે તેવી પુરેપુરી શકયતા છે.

વધુમાં આ વખતની ચૂંટણીમાં અપક્ષ તરીકે ચૂંટણી લડવા માટે પણ કેટલાક ઉમેદવારએ ઈચ્છા દર્શાવી છે ત્યારે આ વખતની ચૂંટણીમાં મુખ્ય રાજકીય પક્ષો દ્વારા કયા ઉમેદવારોની પસંદગી કરાય છે તેવિશે ઉમેદવારો સહિત મતદારોમાં ભારે ઉત્સુકતા જાગી છે.

ઉમરેઠ ધારાસભ્ય લાલસિંહ વડોદિયા ભાજપામાં જોડાયા

અમદાવાદ, તા. ૨૭

ભાજપાના પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશિકભાઈ પટેલની હાજરીમાં કોંગ્રેસના ઉમરેઠના ધારાસભ્ય લાલસિંહ વડોદીયા કોંગ્રેસને રામ રામ કરી ભાજપામાં આજરોજ વિધિવત રીતે જોડાઈ ગયા છે. આ ઉપરાંત લોકજનશક્તિ પાર્ટીના મહિલા પાંખના પ્રદેશ ઉપાધ્યક્ષ હેતલ પટેલ પણ ભાજપમાં જોડાયા છે. આણંદ જીલ્લા કોંગ્રેસના મંત્રી વિપુલ પટેલ પણ આજરોજ કોંગ્રેસ છોડી ભાજપામાં જોડાયા છે. આજે ભાજપામાં જોડાનારા લાલસિંહ વડોદીયાજીના સાથીદારોમાં ઉમરેઠના કોર્પોરેટરો ફકીરમહંમદ (લાલાભાઈ) તેમજ હાજી અલ્લારખ્ખા શેખ સહિત ઉમરેઠ સહિત આજુબાજુના ગામના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકરોનો સમાવેશ થાય છે. ભાજપાના આણંદ જીલ્લાના આગેવાનો તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશિકભાઈ પટેલે ભાજપામાં જોડાનાર સૌનું હાર્દિક સ્વાગત કર્યું છે. ભાજપામાં જોડાનાર અગ્રણીઓમાં સલીમભાઈ ગુલામનબી વોરા, મુનાફભાઈ મલેક, બી. બી. મલેક-માજી પ્રમુખ, હાજી યાકુબભાઈ શેખ, હાજી અલ્લારખ્ખા શેખ-નગરપાલિકા સભ્ય, અરવિંદ જી. રાવલ-એડવોકેટ, વલીમહંમદ કારીગર-નગરપાલિકા સભ્ય, ગુલાબસિંહ બારોટ, રજવતસિંહ રાઉલજી-માજી કોર્પોરેટર, દિલીપભાઈ શાહ, અજીતસિંહ રણજીતસિંહ પુવાર, મકબુલભાઈ પઠાણ-નોવેલ્ટી હોટલ, અરવિંદભાઈ મગનભાઈ ઠાકોર, નરેન્દ્ર ડી. સોલંકી-અનુસૂચિત જાતિ સેલ, કમલસિંહ ગિરવરસિંહ પુવાર, પ્રવિણસિંહ રજવતસિંહ વડોદીયા-માજી કોર્પોરેટર, પૂર્વ ઉપપ્રમુખ-ઉમરેઠ નગરપાલિકા, ભૂપતસિંહ વડોદીયા-રોટરી પ્રેસીડેન્ટ-આણંદ, અમર ગોરખભાઈ જોષી-એડવોકેટ તથા એઝાઝુદ્દીન કાઝી-માજી કોર્પોરેટરનો સમાવેશ થાય છે.

પ્રાંતિજમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ૩૪૯ ઈ.વી.એમ. લવાયા

પ્રાંતિજ, તા.૨૭

પ્રાંતિજ વિધાનસભા ચૂંટણી સંદર્ભે આજે પ્રાંતિજની એક ખાનગી શાળામાં ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકો માટેના કુલ ૨૭૪ ઈ.વી.એમ. મશીન ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુકવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠકના ચૂંટણી અધિકારી આશાબેન શાહના માર્ગદર્શન હેઠળ નિષ્પક્ષ અને તટસ્થ ચૂંટણી થાય તે માટે ૧૦-૧૦ જેટલા વિવિધ સ્થળે ઈ.વી.એમ. મશીનો લોક જાગૃતિ અને તાલિમ માટે મુકવામાં આવ્યા છે. જેની સુંદર માહિતી પણ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ચૂંટણી દરમિયાન કોઈ પણ મતદાન મથક પર ઈવીએમ માં ખામી સર્જાય તો તેના વિકલ્પના ભાગ રૂપે ૫૫ જેટલા ઈ.વી.એમ. રીઝર્વ મુકવામાં આવ્યા છે.

વિધાનસભાની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ડોહળાય નહીં તે માટે અતિ સંવેદનશીલ મતદાન મથકો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. જ્યારે પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે પણ બ્રેઈન લીપીવાળા મતપત્રકો તૈયાર કરી ચૂંટણી પંચ દ્વારા મોકલવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું.

મોઢવાડિયાએ ઘણાબધા વચનો આપ્યા

મોદી સરકારે ભ્રષ્ટાચારના બધા રેકોર્ડ તોડી નાંખ્યા છે

ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બને તે નાગરિકોના હિત માટે જરૂરી : મોરબીમાં અર્જુન મોઢવાડિયાની જાહેરસભા થઈ

અમદાવાદ, તા. ૨૭

મોરબી ખાતે વિધાનસભા મતવિસ્તારમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર માટે જાહેરસભામાં ઉપસ્થિત મોટી સંખ્યામાં નાગરિકોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીનું આગવું મહત્વ છે. ગુજરાતના સામાન્ય નાગરિકો અનેક પ્રશ્નોથી ભાજપ સરકારથી ત્રસ્ત બન્યા છે. મોરબીનો સીરામીક ઉદ્યોગ મૃતપ્રાય થયો તેના માટે ભાજપનું કુશાસન જવાબદાર છે. સીએનજી ગેસમાં ૩૨ વખત વધારો કરનાર ભાજપ સરકાર ઉદ્યોગપતિઓની વકીલાત કરી રહી છે. ગુજરાતમાં સામાન્ય નાગરીકો માટે સચિવાલયના દરવાજા બંધ છે. સરકારી કચેરીઓ-સેવા- સદનમાં માત્ર ને માત્ર એજન્ટોની બોલબાલા છે. ૬૫૦૦૦ કરતા વધુ નાના મધ્યમકદના ઉદ્યોગો બંધ થયા છે.ભાજપ સરકારની આ ઉત્તમ સિદ્ધિને લીધે ગુજરાતમાં લાખ્ખો લોકોની રોજગારી છીનવાઈ ગઈ છે. ભાજપની આ સરકારે ભ્રષ્ટાચારમાં સમગ્ર દેશમાં તમામ રેકર્ડ તોડી નાખ્યા છે. અને તેના કારણે જ બંધારણીય જોગવાઈ હોવા છતાં છેલ્લા ૮ વર્ષથી લોકાયુક્તની નિમણુંક મુખ્યમંત્રી થવા દેતા નથી અને તેના માટે જુદી જુદી કાનૂની અડચણો ઉભી કરી સમય પસાર કરી રહ્યા છે.

મોઢવાડિયાએ નાગરિકોને જોશભેર મતદાન કરવાનું આહવાન કરતા જણાવ્યું હતું કે, આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બને તે સામાન્ય અને મધ્યમવર્ગના નાગરિકોના હિત માટે ઘણું જ જરૂરી છે. ગુજરાતમાં ભાજપ એ માલેતુજાર માટે ચિંતા કરનારી પાર્ટી છે. જ્યારે કોંગ્રેસ સૌને સાથે રાખીને તમામ વર્ગના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. કોંગ્રેસ પક્ષે શાસનમાં આવતાની સાથે વિદ્યાર્થીઓને ફ્રી લેપટોપ, મહિલાઓને ઘરનું ઘર, ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ વારના પ્લોટ, પેટ્રોલ-ડીઝલ પરનો વેટ ઘટાડો, ખેડૂતોને રાસાયણીક ખાતરમાં વેટની નાબૂદી અને સસ્તી વીજળી જેવા અનેક મુદ્દાઓ સાથે પ્રજા કલ્યાણ માટે પ્રતિબદ્ધતા જાહેર કરેલ છે.

કોંગ્રેસ પક્ષ શાસનમાં આવશે તો સીરામિક ઉદ્યોગને ફરીથી બેઠો કરાશે અને તેના માટે તમામ સહાય સરકાર કરશે. કોંગ્રેસના ઉમેદવારીની તરફેણમાં મોટી સંખ્યામાં નાગરિકો રેલી સ્વરૂપે જાહેરસભામાં જોડાયા હતા.

રાજ્યના તમામ તાલુકાઓમાં શેરી નાટકો દ્વારા મતદાન જાગૃતિ અભિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના તમામ મત વિસ્તારોના મતદારો મતદાન કરવા વધુ જાગૃત બને તે માટે દરેક તાલુકામાં મતદાન જાગૃતિ અંગેના શેરી નાટકો યોજી મતદાર જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું છે.

મતદાન એ દરેક મતદાતાનો અધિકાર તથા પવિત્ર ફરજ છે. તાજેતરમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨માં રાજ્યનો દરેક નાગરિક પોતાની ફરજ પ્રત્યે જાગૃતિ કેળવે અને અચુક મતદાન કરે તે માટે ચૂંટણીપંચના આદેશ મુજબ રાજ્યની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા રાજ્યના તમામ તાલુકાઓમાં તાલુકા દીઠ ચાર-પાંચ શેરી નાટકો દ્વારા મતદાન જાગૃતિ અંગેના થીમ પર મતદાન જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું છે.

મતદાન જાગૃતિ અંગેનું શેરી નાટક 'મતદાન અધિકાર અમારો' એ ૨૦થી ૩૦ મિનિટના શેરી નાટક દ્વારા રંગલા રંગલીના પાત્ર થકી મતદારોને મતદાન કરવા જાગૃત કરવામાં આવશે.

ભાજપ આજે બીજી યાદી જારી કરશે : ભારે સસ્પેન્સ

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ૯૫ બેઠકોની ચૂંટણીના ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપવા માટે પરસોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા ભાજપાના રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષજી પણ ઉપસ્થિત રહેશે.

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ૯૫ પૈકી ૯૪ બેઠકોના ઉમેદવારોની યાદીને ચર્ચા-વિચારણાને અંતે જાહેર કરવામાં આવશે. બીજા તબક્કાની ચૂંટણી માટે જાહેર થનારા ઉમેદવારો પૈકી મણિનગર વિધાનસભાની બેઠક માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ પ્રથમ યાદી સાથે જ જાહેર થઈ ગયું હતું.

બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ પાર્લામેન્ટરી વોર્ડ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં મોટાભાગના ધારાસભ્યોને પુનઃ ટિકીટ આપવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે જ્યારે કેટલાક પ્રધાનો તથા ધારાસભ્યોના મતવિસ્તાર પણ બદલવામાં આવશે. ભાજપ દ્વારા જાહેર થનારી બીજી યાદીમાં સહુથી મહત્વની બાબતમાં તાજેતરમાં ભાજપમાં જોડાયેલા આર. એમ. પટેલ જેવા નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓને ભાજપ ટિકીટ આપશે. આ ઉપરાંત કોંગ્રેસ છોડી આજે પુનઃ ભાજપમાં જોડાયેલા ઉમરેઠના ધારાસભ્ય લાલસિંહ વડોદીયા તથા થોડા દિવસ અગાઉ ભાજપમાં જોડાયેલા રાજવી પરિવારના સભ્યોને ભાજપ ચૂંટણીમાં ઉતારે તેવી પણ શકયતાઓ વર્તાઈ રહી છે.

વૈકલ્પિક દસ્તાવેજો રજૂ કરી મતદારો મતદાન કરી શકશે

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે મતદારોને સુવિધા મળે તે માટે ચૂંટણીપંચ દ્વારા કેટલાક દિશાનિર્દેશ જારી કરવામાં આવ્યા છે. કોઈ મતદાર મતદાર ફોટો ઓળખપત્ર રજુ કરવામાં નિષ્ફળ જાય તો અન્યરીતે પણ મતદાનનો ઉપયોગ કરી શકાય છે. મતદાર ફોટો ઓળખપત્રની અવેજીમાં ચૂંટણીપંચે માન્ય કરેલા વૈકલ્પિક દસ્તાવેજો રજુ કરીને મતદાન રજુ કરી શકાશે. વૈકલ્પિક દસ્તાવેજો નીચે મુજબ છે.

૧. પાસપોર્ટ
૨. ડ્રાઈવીંગ લાયસન્સ
૩. ઈન્કમટેક્સ (પાનકાર્ડ) ઓળખકાર્ડ
૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા આવતા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતાં ફોટો સાથેના ઓળખપત્ર
૫. પબ્લીક સેક્ટર બેંકો તથા પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક અને કિસાન પાસબુક
૬. સ્વતંત્રસેનાનીઓને આપવામાં આવતા ફોટા સાથેના ઓળખપત્રો
૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિતજનજાતિ તથા અન્ય પછાતવર્ગના સક્ષમ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા ફોટા સાથેના પ્રમાણપત્રો
૮. સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલા ફોટા સાથેના વિકલાંગ પ્રમાણપત્રો
૯. ફોટા સાથેના હથિયારોના લાઈસન્સ
૧૦. રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર યોજનાહેઠળ અપાયેલા ફોટા સાથેના જોબ કાર્ડ
૧૧. ફોટા સાથેના મિલકતના દસ્તાવેજો જેમ કે પટ્ટા, રજિસ્ટાર્ડ
૧૨. ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્ર જેમ કે પૂર્વ સૈનિકોની પેન્શનબુક, પેન્શન પેમેન્ટ ઓર્ડર, પૂર્વ સૈનિકોના વિધવા પ્રમાણપત્ર, મોટી વયના વ્યક્તિના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર
૧૩. શ્રમ મંત્રાલય દ્વારા અપાયેલા ફોટા સાથેના હેલ્થ ઈન્શ્યોરન્સ સ્કિમના સ્માર્ટકાર્ડ
૧૪. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર્ડ સ્કિમ હેઠળ આરજીઆઈ દ્વારા અપાયેલા સ્માર્ટકાર્ડ
૧૫. યુઆઈડીએઆઈ દ્વારા આપવામાં આવેલા આધાર કાર્ડનો સમાવેશ થાય છે.